# પ્રભુ તું તો મારો છે જીવન આધાર

(રાગઃ જમાનેકે દેખે હૈ રંગ હજાર)

પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના (૨)
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના (૨)

નિગોદે ને નરકે રહયા એક સાથે
ને ભીષણ આ ભવમાં ભમ્યા એક સાથે
નિગોદે ને નરકે રહયા એક સાથે
ને ભીષણ આ ભવમાં ભમ્યા એક સાથે
ગયા કેમ મુકતે છોડી મુજને નાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના

તારી વાત ભૂલ્યો, ન પાપોથી અટકયો
વિરહ તારો મુજને ન દિલમાંયે ખટકયો
તારી વાત ભૂલ્યો, ન પાપોથી અટકયો
વિરહ તારો મુજને ન દિલમાંયે ખટકયો
ભવોભવ હું ભટકયો બનીને અનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના

તારી આણને મેં ન દિલમાં હી ધારી
વિષયસુખ માટે બન્યો હું ભિખારી
તારી આણને મેં ન દિલમાં હી ધારી
વિષયસુખ માટે બન્યો હું ભિખારી
દુ:ખો પામ્યો ભારી તે બદલે હું નાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના

ધર્મનું ફળ માંગુ, ધર્મથી હું ભાગું
ને પાપ પ્રસંગે હું નિશદિન જાગું
ધર્મનું ફળ માંગુ, ધર્મથી હું ભાગું
ને પાપ પ્રસંગે હું નિશદિન જાગું
કરૂણ છે કહાણી આ મારી ઓ નાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના

પ્રભુ મારી સુણજે તું અંતર અવાજ
કરું હું વિનંતી તારી પાસે આજ
પ્રભુ મારી સુણજે તું અંતર અવાજ
કરું હું વિનંતી તારી પાસે આજ
ભવોભવ મુજને મળે તારો સાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના

તારી વાત સમજું સમજ એવી દેજે
તને ઓળખું એવી શકિત તું દેજે
તારી વાત સમજું સમજ એવી દેજે
તને ઓળખું એવી શકિત તું દેજે
આતમગુણી રશ્મિમાં “હીર” દેનાર, નથી કોઇ તારા વિના
પ્રભુ તુજને પામી થયો હું સનાથ, નથી કોઇ તારા વિના
પ્રભુ તું તો મારો છે જીવન આધાર, નથી કોઇ તારા વિના
નથી કોઇ તારા વિના, નથી કોઇ તારા વિના,
નથી કોઇ તારા વિના, નથી કોઇ તારા વિના

https://www.youtube.com/watch?v=LBcHsArKQao&feature=youtu.be

2016-07-06